# માછલીઘર અને તેની જાળવણી


# Aquarium and its maintenance

- જલીય જીવોને સુશોભન હેતુથી રાખવા માટે કુદરતી વાતાવરણ ધરાવતું કૃત્રિમ કાચનું પારદર્શક ઘર એટલે માછલીઘર
- મીઠા પાણીમાં તથા ખારા પાણીમાં રહેતા રંગબેરંગી સજીવો જેવા કે માછલીઓ, છીપલાં, જળઘોડા, પરવાળા તથા જલીય વનસ્પતિઓ  વગેરેને માછલીઘરમાં રાખી શકાય છે
- સામાન્ય રીતે મીઠા પાણીના માછલીઘરો ઉપયોગ માં લેવાય છે જેમાં મુખ્યત્વે ગોલ્ડફીશ, બ્લેક મૌલી, વ્હાઈટ મૌલી, એરોવાના, એન્જલ, ડીસકસ, ફાઈટર, જેબ્રા, પ્લેટી અને ઓસ્કાર જેવી માછલીઓનો સમાવેશ થાય છે
- ૧૪૫  દેશો દ્વારા વાર્ષિક ૫૦૦ મિલિયન માછલીઓનું વેચાણ થાય છે
- સુશોભન માછલીના કુલ વેપારમા ભારતનો ફાળો આશરે ૧ % જેટલો છે
- સિંગાપોર સુશોભન માછલી વેપારમાં પ્રથમ ક્રમે છે

## માછલીઘરની જાળવણી
## Aquarium Maintenance

- માછલીઘરને ધક્કો લાગતા બિલકુલ વિચલિત ના થાય એવા ટેબલ કે સ્ટેન્ડ પર હવા ઉજાસ વાળી જગ્યા પર રાખો
- માછલીઘર સાફ કરી તેમાં પાણી ભરી ૨૪ કલાક બાદ માછલીઓ છોડવામાં આવે છે
- કુદરતી વાતાવરણ મળે તે માટે તળિયે રેતી કે પત્થરો ગોઠવવા
- ક્લોરીન કે બ્લીચીંગ પાવડર યુકત પાણી નાખવાથી માછલીઓ તુરંત મરી જાય છે માટે તેવા પાણીનો ઉપયોગ ટાળવો
- માછલીઘરમાં મુકવાના છોડને પોટેસીયમ પપર્મેન્ગેનેટ માં ધોઈને મુકવા જેથી છોડની સાથે આવેલા જીવાણુઓનો નાશ થાય અને માછલીઓને રોગ લાગુ પડે નહિ
- નવી ખરીદેલ માછલીઓને માછલીઘરમાં છોડતા પહેલા પ્લાસ્ટીકની બંધ થેલી સહીત માછલીઘર ના પાણીમાં લગભગ ૩૦ મિનીટ રાખો ત્યારબાદ થેલી ખોલી તેના પાણી સહીત માછલીઘરમાં ઠાલવો
- વિરુદ્ધ સ્વભાવ ધરાવતી માછલીઓને એક માછલીઘરમાં રાખવી નહિ
- માછલીઘરના સજીવોને સ્વસ્થ અને સ્વચ્છ રાખવા યોગ્ય સમયે યોગ્ય પ્રમાણ માં ખોરાક તથા એરેટની મદદ થી ઓક્શીજન (પ્રાણવાયું) પૂરો પાડવો
- જો માછલીનુ મૃત્યુ થાય તો તરત જ તેને માછલીઘરમાંથી હટાવી લેવી
- માછલીઘરનું પાણી સમયાંતરે બદલાવવું
- ઘર માટે વપરાતા માછલીઘરની  ટાંકીનું સરેરાશ કદઃ ૮૦ થી ૧૬૦ લીટર
- સરેરાશ પાણી બદલાવની આવૃત્તિઃ ૭ દિવસ
- સરેરાશ પાણી બદલાવ ટકાવારીઃ ૩૦% (વધુ પ્રમાણ અવરોધરૂપ સાબિત થઈ શકે છે પરંતુ ઘાતક નથી)
- સરેરાશ લાઈટિંગ વોટેજઃ ૪૦ વોટ
- સરેરાશ પ્લાન્ટેડનેસઃ માફકસરના છોડ (વધુ છોડનું પ્રમાણ રાત્રે ઓક્સિજનનું પ્રમાણ ઘટાડે છે)

## વિવિધ પ્રકારના માછલીઘર (Different types of Aqurium)

| | | |
|---|---|---|
|  |  |  |
| Fish bowl<br>ફીશ બાઉલ | Common Aquarium<br>સામાન્ય માછલીઘર | Wall mount Aquarium<br>વોલ માઉન્ટ |
|  |  |  |
| Coffe table aquarium<br>કોફી ટેબલ માછલીઘર | Public Aquarium<br>જાહેર માછલીઘર | Sink Aquarium<br>સિંક એક્વેરિયમ |

## માછલીઘરમાં રાખવામાં આવતી માછલીઓની વિવિધ જાતો

## Types of fishes kept in Aquarium

| | | |
|---|---|---|
|  |  |  |
| Zebra fish<br>જિબ્રા ફીશ | Arowana<br>એરોવાના | Swordtail<br>સ્વોર્ડટેઈલ ફીશ |

| | | |
|---|---|---|
|  |  |  |
| Platy<br>પ્લેટી | Black Moli<br>બ્લેક મોલી | Angel fish<br>એન્જલ ફીશ |
|  |  |  |
| Discus fish<br>ડિસકસ ફીશ | Gold fish<br>ગોલ્ડ ફીશ | Siamese Fighting fish<br>સીયામીસ ફાઈટીંગ ફીશ |